**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નંબર–૨૬/૨૦૨૨**

**-:: <u>આંક– ૨ ની અરજી અન્વયે હુકમ</u> ::-**

**(૧)** અરજદાર તરફે હાલની અરજી માં તેની આંક - ૦૧ ની અરજી ની હકીકતો દોહરાવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળાઓ પરીશીષ્ટ મુજબના કામદારોની લેણી રકમ ચુકવી આપ્યા સીવાય તેઓની સામાવાળાની સંસ્થામાં માલ-મીલકત, માલ-મશીનરીઓ વેચવાની પેરવી કરી રહેલ છે. જેથી અમો અરજદરાને એવી દહેશત છે કે, આ કામના સામાવાળાઓ સદરહું પરીશીષ્ટમાં જણાવ્યા મુજબ ના કામદારો ની લેણી રકમ ચુકવી આપ્યા વીના તેઓની સામાવાળા ના તમામ માલ-મીલકત વેચી મારશે તો ભવીષ્યમાં અમો કામદારોની લેણી રકમની વસુલાત માટે ઘણી જ મોટી મુશ્કેલીઓ ઉભી થાય તેવી પુરેપુરી શકયતાઓ રહેલ છે જેથી આ કામના સામાવાળાની સંસ્થામાં આવેલ તમામ માલ-મીલકત એટેચ કરી જપ્ત કરવા આપ નામદાર ઓથોરીટીને નમ્ર અરજ છે.

**(૨)** સદર કામે સામાવાળા તરફે હાજર થઇ હાલની અરજી સદર્ભે કોઇ જવાબ-વાધા રજુ રાખેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી.

**(૨/૧)** સદર કામે અરજદાર તરફે પ્રતીનીધીશ્રી દ્રારા તેની અરજી ને દલીલ નો ભાગ ગણવા તેમજ રેકર્ડ લક્ષમાં લઇ હુકમ કરવા જણાવેલ છે.

**(૩)** ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા હાલની અરજીનાં નિર્ણય સારુ નીચે મુજબના મુદા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદ્દા</u> ::**

**૧.** શું અરજદાર પેમેન્ટ ઓફ વેજીસ એકટ–૧૯૩૬ ની કલમ ૧૭–એ અન્વયે સામાવાળાની મિલ્કતનું એટેચમેન્ટ મેળવવા હકકદાર છે ?

**૨.** શું હુકમ ?

**:: <u>જવાબ</u> ::**

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**મુદા નંબર :- ૧**

**(૪)** અરજદાર તરફે હાલની અરજી પેમેન્ટ ઓફ વેજીસ એકટ ની કલમ ૧૭–એ અન્વયે સામાવાળાની મિલ્કતનું એટેચમેન્ટ મેળવવા કરેલ હોય અને અરજી સંદર્ભે સદર કામે સામાવાળાને નોટીસ કરેલ હોય અને જે તેઓને બજી ગયેલ હોય તેમ છતાં સદર કામે સામાવાળાઓ ધ્વારા હાજર થઈ સદર કામે કોઈ જવાબ વાંધો રજુ કરેલ નથી.

સદર કામે અરજદાર તરફે તેની સામાવાળા પાસે બાકી નીકળતી લેણી રકમ કુલ રૂા.૪,૮૯,૦૦૦/- (અંકે રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર પુરા) વસુલ લેવા સારુ અરજી કરેલ હોય અને મુળ અરજી ચાલતા સમય લાગે તેમ હોય અને તે સમય દરમ્યાન સામાવાળા પોતાની માલ મીલકત વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દે તેવી પુરેપુરી શકયતાઓ રહેલી હોવાનું અરજદારને લાગતા અરજદાર તરફે હાલની એટેચમેન્ટની અરજી આપેલ હોય અને અરજદાર તરફે હાલની અરજીનાં પેરા – ૮ માં જણાવેલ મીલકતનું એટેચમેન્ટની માંગણી કરેલ છે, પરંતુ સદર કામે હાલની અરજીનાં પેરા –૮ માં જણાવેલ મીલકત ખરેખર સામાવાળાની માલીકીની જ છે તે સંદર્ભેનો કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજી પુરાવો અરજદાર તરફે રજુ કરેલ હોય તેવું જણાય આવતું નથી. તેમજ અરજદારો દ્રારા તેની મુળ અરજી કે હાલની અરજી સાથે કોઇ પણ પ્રકાર ના દસ્તાવેજી પુરાવાઓ કે જેના પરથી તેની અરજી ને પ્રથમ દર્શનીય રીતે સમર્થન મળતુ હોવાનુ જણાય આવે તેવા કોઇ પુરાવા રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી, તેમજ સામાવાળા ધ્વારા કહેવાતા સમાયગાળા દરમ્યાન અરજદાર ધ્વારા જણાવેલ માલ મીલકત અરજદારના કહેવા મુજબ તેની લેણી નીકળતી રકમ ન ચુકવવી પડે તે કારણોસર માલ મીલકત વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો પ્રયત્ન કરેલ હોય કે હાલના સમયમાં માલ મીલકત વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો પ્રયત્ન કરતા હોય તે સંદર્ભેનો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો અરજદાર તરફે હાલના તબકકે રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી તેમજ અરજદારની અરજી લક્ષમાં લેતા અરજદાર દ્રારા માત્ર અનુમાન ને

આધારે હાલની અરજી કરેલાનું જણાય આવતું હોય અરજદાર ધ્વારા કરેલ હાલની અરજી સંદર્ભે કોઈ પ્રાઈમાફેસી કેસ હોવાનું જણાય આવતું નથી.

આમ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા અરજદાર તરફે હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે સામાવાળા ધ્વારા અરજદારના કહેવા મુજબની માલ મીલકત હાલમા કે અગાઉના વર્ષોમાં માલ મીલકત વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો ખરેખર પ્રયત્ન કરેલ હોય તેવું રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય અરજદાર ધ્વારા કરેલ હાલની અરજી સંદર્ભે કોઈ પ્રાઈમાફેસી કેસ જણાતો ન હોય હાલની અરજી મંજુર કરવી ન્યાયઉચિત જણાતું ન હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

**(૧)** અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ આજરોજ તા. ૦૨/૦૨/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.

તારીખ :- ૦૨/૦૨/૨૦૨૪

સુરત.

(હાર્દીક દીલીપભાઈ રાજપુરા)
ઓથોરીટી,
વેતન ચુકવણી અધીનીયમ,
મજુર અદાલત નંબર ( ૫ ),
સુરત.
**(CODE NO.GJ01291)**